મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૧૭-૧૧-૨૦૨૫
સોમવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૨૧૩
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

### પંચાયત એક્ટનું ઉલ્લંઘન, વન-સિંચાઈ-પુરાતત્વની પરવાનગી વગર કામ, વૃક્ષોનું છેદન, કોઝવેને જોખમ, ગ્રામજનોની ફરિયાદ

# છઠીયારડામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર માટી ખોદકામ : રૂપેણ નદી કાંઠે ૨૦-૨૫ ફૂટ ખાડો, લાખોનું કૌભાંડ, સરપંચ-તલાટી ઉપર ભ્રષ્ટાચારના આક્ષેપ

**રોપેણ નદીકાંઠે ૨૦-૨૫ ફુટ ઊંડો ખાડો — ગામ પંચાયતના ગેરકાયદેસર ઠરાવના નામે માટીનું ખનન!**

**ગૌચર જમીન રી. સર્વે નં. ૧૨૧૪ માંથી મોટી માત્રામાં માટી ઉપાડાઈ : તલાટી દ્વારા સક્ષમ અધિકારીની મંજૂરી વિના ઠરાવ કર્યાનો આક્ષેપ**

**વન વિભાગ, સિંચાઈ વિભાગ અને પુરાતત્વ વિભાગની મંજૂરી પણ લીધેલી નહીં, હેરિટેજ વિસ્તાર તથા કોઝ-વેને ગંભીર જોખમ**





(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

મહેસાણાના છઠીયારડા ગામમાં ગત ૧૦થી ૧૩ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન રૂપેણ નદી કાંઠે આવેલી રી સર્વે નં. ૧૨૧૪ની ગૌચર જમીનમાંથી ગેરકાયદેસર માટી ખોદકામ કરી ઉપાડી લેવામાં આવ્યું, જેના કારણે લાખો રૂપિયાનું કાર્ભાંડ થયાના આક્ષેપો ઉઠ્યા છે. સ્થળની મુલાકાતમાં ૨૦થી ૨૫ ફૂટ ઊંડો ખાડો જોવા મળ્યો હતો.

આ બાબતે છઠીયારડા ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટીને જાણ કરતાં તે મણે "કાયદેસર ઠરાવથી મંજૂરી આપી" તેમ જણાવ્યું, પરંતુ ઠરાવની નકલ આપવાનો ઈનકાર કર્યો.

ગ્રામજનોએ આને સરપંચ-તલાટીના મેળાપીપણાનું પરિણામ ગણાવ્યું. ગ્રામજનોના જણાવ્યા મુજબ, ગુજરાત પંચાયત એક્ટ-૧૯૯૩ની કલમ ૫૭(૧) મુજબ સરપંચ-સભ્યોએ સત્તાનો દુરુપયોગ કરી ગેરકાયદેસર ઠરાવ પસાર કર્યો અને સક્ષમ અધિકારીની પરવાનગી વગર માટી ખોદી કલમ ૩૭(૧) મુજબ મહેસાણા જિલ્લા કલેકટર સમક્ષ ગામના બહેલીમ મનસબખાન ઈબ્રાહીમખાન તથા બહેલીમ હૈદરઅલી શાહબાજખાને આ ગેરકાયદેસર ખોદકામ અંગે કાર્યવાહીની માંગ કરી છે.

**ગેરકાયદેસર ખોદકામની વિગતો સ્થળઃ રૂપેણ નદી કાંઠે, રી સર્વે નં. ૧૨૧૪, ગૌચર જમીન**
**સમયગાળોઃ ૧૦થી ૧૩ નવેમ્બર ૨૦૨૫ ● અસરઃ ૨૦-૨૫ ફૂટ ઊંડો ખાડો, લાખોનું કૌભાંડ ● આક્ષેપઃ સરપંચ-તલાટીનો મેળાપીપણું, ગેરકાયદેસર ઠરાવ (પંચાયત એક્ટ કલમ ૫૭(૧), ૩૭(૧) ઉલ્લંઘન) ● અન્ય ઉલ્લંઘનઃ સિંચાઈ, વન, વૃક્ષ છેદન, કોઝવે સુરક્ષા, પુરાતત્વ પરવાનગી વગર કામ ● માંગ : તાત્કાલિક તપાસ અને કાર્યવાહી**

ગૌચર જમીનની જવાબદારી પંચાયતની હોવા છતાં કોઈ કાર્યવાહી ન થઈ. ગામસભાના એજન્ડામાં મુદ્દો ન લીધા, ગ્રામલો કોને વિશ્વાસમાં ન લીધા અને ઠરાવ પ્રસાર ન કર્યા છતાં ગેરકાયદેસર કામ થયું. રૂપેણ નદીની જાળવણી સિંચાઈ વિભાગની જવાબદારી હોવા છતાં તેમની પરવાનગી વગર ખોદકામ થયું. વન સંરક્ષણ અધિનિયમ અને સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન અધિનિયમનું ઉલ્લંઘન કરી વન વિભાગ હસ્તકના લીલા વૃક્ષોનું છેદન કરાયું.

માર્ગ અને મકાન વિભાગ હસ્તકના કોઝવે (છઠીયારડા-પાલોદર માર્ગ)ની ક્રાઈટ એરિયા જાળવ્યા વગર નજીક ખોદકામથી રસ્તો ધોવાઈ જવાનું જોખમ. પાલોદર હેરિટેજ ગામ હોવાથી પુરાતત્વ વિભાગની પરવાનગી અનિવાર્ય હતી, પરંતુ તે વગર કામ થયું.

ગ્રામજનોએ તમામ વિભાગોને જાણ કરી, પરંતુ કોઈ કાર્યવાહી ન થતાં ભ્રષ્ટાચાર અને કાયદાના ઉલ્લંઘનની તીવ્ર ફરિયાદ કરી છે. આ ઘટનાએ ગૌચર જમીન, પર્યાવરણ અને જાહેર માર્ગની સુરક્ષા પર પ્રશ્ન ઉઠાવ્યા છે.

### SIR અંતર્ગત મહેસાણા જિલ્લા ચૂંટણી અધિકારી એસ.કે.પ્રજાપતિએ ૨૫-મહેસાણા વિધાનસભા મત વિભાગના મતદાન મથકોની મુલાકાત લીધી

# જિલ્લા ચૂંટણી અધિકારીએ બી.એલ.ઓ.ની કામગીરીનું નિરીક્ષણ કર્યું અને મતદારોને SIR બાબતે સમજ આપી

**તા. ૨૨ અને ૨૩ નવેમ્બરના રોજ સવારે ૯થી બપોરે ૧ કલાક સુધી દરેક BLO તેમના મતદાન મથકે હાજર રહેશે**

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) અંતર્ગત મહેસાણા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એસ. કે. પ્રજાપતિએ સ્પેશ્યલ ડે કેમ્પેઈન અન્વયે ૨૫-મહેસાણા વિધાનસભા મત વિભાગના મતદાન મથકોની મુલાકાત લઈ બી.એલ.ઓ. ની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું અને મતદારોને SIR બાબતે સમજ આપી હતી. આ મુલાકાત દરમિયાન નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અભિષેક પરમાર, ૨૫- મહેસાણા વિધાનસભા મત વિભાગના ચૂંટણી અધિકારીશ્રી ઉર્વીશ વાળંદ હાજર રહ્યા હતા.



મહેસાણા જિલ્લામાં હાલમાં SIR હેઠળ નવા મતદારોની યાદી તૈયાર કરાવવા માટે ફોર્મ ભરવાનું શરૂ કરવામાં આવ્યું છે.જેમાં બી.એલ.ઓ ફોર્મ ઘરે ઘરે આપી ગયા છે. જેમને ફોર્મ ભરવામાં સમજ ન પડતી હોય તેમના માટે મતદાન મથકે નિયત કરેલી તારીખે બી.એલ.ઓ હાજર રહી મદદ કરશે. જેમાં આજે ૧૬ નવેમ્બર ના રોજ જિલ્લાના વિવિધ મતદાન મથકો ખાતે BLO એ હાજર રહી મતદારોને ફોર્મ ભરવામાં મદદ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ચૂંટણી પંચ, દિલ્હીની સૂચનાનુસાર ગુજરાત રાજ્યમાં ૧ જાન્યુઆરી ૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીનો ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR-2026) જાહેર કરવામાં આવ્યો છે. જે મતદારોનું નામ અથવા તેમના માતા-પિતા/દાદા-દાદીનું નામ વર્ષ-૨૦૦૨ની મતદારયાદીમાં ન હોય, તેવા કિસ્સામાં કયા પુરાવા રજૂ કરવા તે અંગે BLO દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. હાલમાં ૨૦૦૨ ની યાદીમાં ન હોય અને અન્ય ગામે થી અન્ય જગ્યાએ સ્થળાંતર થયા હોય તેવા ખાસ કિસ્સામાં BLO દરેક મતદારને માર્ગદર્શન આપશે.

નોંધનીય છે કે, BLO તાઃ ૨૨-૨૩ નવેમ્બરે મતદાન મથકે મળશે. તા. ૨૨ અને ૨૩ નવેમ્બરના રોજ સવારે ૯થી બપોરે ૧ કલાક સુધી દરેક BLO તેમના મતદાન મથકે હાજર રહેશેતેમજ ફોર્મ ભરવામાં મતદારોને મદદ કરશે. જેની દરેક મતદારોને નોંધ લેવા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા જણાવાયું છે.

### ઊંઝા વિધાનસભા મતવિસ્તારમાં જાસ્કાથી દાસજ સુધી યુનિટી માર્ચ પદયાત્રા યોજાઇ

# પદયાત્રામાં 'સરદાર પટેલ, અમર રહો' જેવા નારાના નાદ સાથે યુવાનો સહભાગી બન્યા

## જાસ્કા ખાતેથી લોકસભા સાંસદ સહિતના મહાનુભાવોએ લીલી ઝંડી બતાવીને યુનિટી માર્ચ પદયાત્રાનો શુભારંભ કરાવ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે તેમની અવિસ્મરણીય રાષ્ટ્રીય સેવાઓનું સ્મરણ કરવા માટે મહેસાણા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ વિધાનસભા મતવિસ્તારમાં યુનિટી માર્ચ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ઊંઝા વિધાનસભા મતવિસ્તારમાં જાસ્કાથી દાસજ સુધી યુનિટી માર્ચ પદયાત્રા યોજાઈ હતી. જાસ્કા ખાતેથી લોકસભા સાંસદ શ્રી હરિભાઈ પટેલ, ઊંઝા ધારાસભ્ય શ્રી કે. કે. પટેલ અને અગ્રણી શ્રી ગિરીશભાઈ રાજગોર સહિતના મહાનુભાવોએ સરદાર પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવીને તેમજ લીલી ઝંડી બતાવીને યુનિટી માર્ચ પદયાત્રાનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે લોકસભા સાંસદ શ્રી હરિભાઈ પટેલે જણાવ્યું હતું કે અખંડ ભારતના શિલ્પી, લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે યુનિટી માર્ચનું સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. આ યુનિટી માર્ચ પદયાત્રાના માધ્યમથી સરદાર પટેલે રાષ્ટ્ર નિર્માણ માટે જે કાર્ય કર્યા છે તેનાથી લોકોને માહિતગાર કરવામાં આવશે અને યુવાઓમાં રાષ્ટ્રપ્રેમ જગાવવા માટે



આવા કાર્યક્રમોનું સરકાર દ્વારા આયોજન કરવામાં આવતું હોય છે.

વધુમાં તેમણે સરદાર પટેલ વિશે વાત કરતા જણાવ્યું કે સરદાર સાહેબની લોખંડી ઈચ્છા શક્તિ અને રાષ્ટ્રીય કુનેહના પરિણામે એક પછી એક એમ ૫૬૨ જેટલા રજવાડાઓનું ભારતીય સંઘમાં વિલીનીકરણ કરવામાં આવ્યું હતું. આજની આ પદયાત્રા સરદાર પટેલના એ જ એકીકૃત ભારતના દ્રષ્ટિકોણને સમર્પિત છે. ત્યારે આ પદયાત્રામાં સૌને સહભાગી થવા સાંસદશ્રીએ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ઊંઝા ધારાસભ્ય શ્રી કિરીટભાઈ પટેલે જણાવ્યું હતું કે સરદાર વલ્લભભાઈના જીવન થી લોકો પરિચિત થાય તેવા ઉમદા હેતુ સાથે ઊંઝા વિધાનસભા મતવિસ્તારની આજે યુનિટી માર્ચ પદયાત્રા યોજાઈ રહી છે. તેમાં સૌ લોકો સહભાગી બની સરદાર પટેલના એકતાનો સંદેશો આપશે.

આ પ્રસંગે વકતા શ્રી જે ડી પટેલે આઝાદીના સંસ્મરણો સરદાર પટેલના જીવનની પ્રેરણાદાયી ઘટનાઓ વિશે લોકોને વિગતવાર જાણકારી આપી હતી.

આ પદયાત્રામાં 'સરદાર પટેલ, અમર રહો' જેવા નારાના નાદ સાથે યુવાનો સહભાગી બન્યા હતા. પદયાત્રા દરમિયાન ઉપેરા અને રણછોડપુરા ગામે પદયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

પદયાત્રા દરમિયાન રણછોડપુરા ગામ ખાતે એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત સરદાર સ્મૃતિ વનમાં મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું.

દાસજ દાસજીયા ગોગા મહારાજ મંદિરે પદયાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું.

આ પદયાત્રામાં ઊંઝા તાલુકા પંચાયત પ્રમુખશ્રી નિલેશભાઈ પટેલ, વડનગર તાલુકા પંચાયત પ્રમુખશ્રી ભારતીબેન પટેલ, વડનગર નગરપાલિકા પ્રમુખશ્રી મિતિકાબેન શાહ, ઊંઝા નગરપાલિકા પ્રમુખશ્રી જીગ્નાબેન પટેલ, અગ્રણી શ્રી નીતિનભાઈ પટેલ, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી બિરેન પટેલ સહિત એનસીસીના વિદ્યાર્થીઓ, યુવાનો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### પોલીસે દિલ્હીમાં થયેલા વિસ્ફોટની ઘટના અંતર્ગત નાઈટ કોમ્બીંગ દરમિયાન

# મહેસાણામાં ખ્યાતી ગેસ્ટ હાઉસમાં મુસાફરોની પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી નહિ કરાતાં સંચાલક સામે ફરિયાદ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

મહેસાણા શહેરમાં જુના રેલવે સ્ટેશન રોડ નજીક આવેલા ખ્યાતી ગેસ્ટહાઉસમાં આવતા મુસાફરોની પથિક સોફ્ટ્વેરમાં એન્ટ્રી નહીં કરવામાં આવતાં પોલીસ દ્વારા સંચાલક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

મહેસાણા પોલીસની ટીમ દિલ્હીમાં થયેલા વિસ્ફોટની ઘટના અંતર્ગત મહેસાણા શહેરમાં કોમ્બીંગ નાઈટ દરમિયાન હોટલ અને ગેસ્ટહાઉસમાં ચેકિંગની કામગીરી કરી રહી હતી. તે દરમિયાન જુના રેલવે સ્ટેશન રોડ પર આવેલા ખ્યાતી ગેસ્ટહાઉસમાં તપાસ કરી હતી. અહીં ગેસ્ટહાઉસનું સંચાલન કરી રહેલા નરેશ ભીખાભાઈ પરમાર (રહે. સીંધી સોસાયટી, મહેસાણા મુળ રહે. જુના સુદાસણા) મળી આવ્યાં.




ત્યારબાદ હોટેલનું નોંધણી રજિસ્ટર ચેક કરતાં અહીં રોકાયેલા બે મુસાફરની નોંધણી કરી હતી. જેની પથિક રજિસ્ટરમાં એન્ટ્રી કરી છે તે અંગે પૂછતા સંચાલકે અમારી પાસેનું કોમ્પ્યુટર બગડેલ હોવાથી દોઢ માસથી પથિક સોફ્ટ્વેરમાં એન્ટ્રી કરી ન હોવાનું જણાવ્યું હતું. જેથી સંચાલક સામે કલેકટરના જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કર્યો હતો.




# રાજકારણમાં ગુનેગારો કેમ ખીલી રહ્યા છે?

છેલ્લી ત્રણ બિહાર વિધાનસભા ચૂંટણીઓમાં, એવું લાગે છે કે તમામ પક્ષોએ ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા ઉમેદવારો પર વિશ્વાસ મૂક્યો છે. રાજકારણના ગુનાહિતકરણનો અર્થ ફક્ત રાજકીય નિર્ણય લેવાની પ્રક્રિયામાં ગુનેગારોની સંડોવણી છે. બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા મુજબ, કુલ ઉમેદવારોમાંથી ૩૫ ટકા ઉમેદવારો સામે ગુનાહિત કેસ છે. મોકામા વિધાનસભા મતવિસ્તારમાં જન સૂરજ ઉમેદવારના સમર્થક દુલારચંદ યાદવની તાજેતરમાં થયેલી હત્યાએ ફરી એકવાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મીડિયાનું ધ્યાન રાજકારણના ગુનાહિતકરણ તરફ ખેંચ્યું છે. આ પ્રશ્ન ઉભો કરે છેઃ તાજેતરના દાયકાઓમાં ભારતમાં ગુના અને રાજકારણ વચ્ચેનો જાણીતો સંબંધ કેમ વિકસ્યો છે? આ સંબંધને મજબૂત બનાવવામાં રાજકીય પક્ષો મુખ્ય ભૂમિકા ભજવે છે તેના કારણો શું છે? કારણ કે, મોટાભાગના કિસ્સાઓમાં, તેઓ ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા ઉમેદવારોને નામાંકિત કરવા માટે જવાબદાર સંસ્થાઓ છે. આ પ્રશ્નો ઉપરાંત, આ લેખ રાજકારણના ગુનાહિતકરણ સાથે સંબંધિત બે અન્ય મહત્વપૂર્ણ પ્રશ્નોને સંબોધવાનો પ્રયાસ કરે છેઃ શું બધા રાજકીય પક્ષો આ માટે જવાબદાર છે? શું ભારતીય લોકશાહીમાં રાજકારણનું ગુનાહિતકરણ બિહાર સિવાયના રાજ્યોમાં પ્રચલિત છે? છેલ્લે, રાજકારણમાં ગુના તરફ દોરી જતા ચોક્કસ માર્ગો કયા છે?

ભારતીય લોકશાહી પ્રક્રિયાનું માળખું એવું રહ્યું છે કે રાજકીય પક્ષો ચૂંટણી રાજકારણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આનું કારણ એ છે કે સ્વતંત્રતા પછી પક્ષીય રાજકારણે લોકોના માનસ પર ઊંડી અસર છોડી છે. ભારતના અગ્રણી રાજકીય વિશ્લેષક મિલન વૈષ્ણવ માને છે કે સ્વતંત્રતા પછી, ભારતમાં ગરીબી અને નિરક્ષરતા વ્યાપક હતી. વિવિધ રાજકીય પક્ષો વચ્ચે તફાવત કરવા માટે, વિવિધ ચૂંટણી પ્રતીકો આપવામાં આવ્યા હતા. પરિણામે, રાજકીય પક્ષો ભારતીય લોકશાહીમાં બ્રાન્ડ બની ગયા. તેમની છબી લોકોના મન અને હૃદયમાં સ્થાપિત થઈ ગઈ. ધીમે ધીમે, આ રાજકીય પક્ષો વ્યક્તિત્વ-કેન્દ્રિત બન્યા, જ્યાં ન તો વિચારધારા કે ન તો આંતરિક લોકશાહી મહત્વની રહી. ઉદાહરણ તરીકે, સમાજવાદી પાર્ટી, રાષ્ટ્રીય જનતા દળ, જનતા દળ યુનાઈટેડ, તૃણમૂલ કોંગ્રેસ અને તેલુગુ દેશમ પાર્ટી, અન્યો, ફક્ત ચૂંટણી ભંડોળ જ નહીં પરંતુ ચોક્કસ પ્રદેશમાં પ્રભાવ ધરાવતા વ્યક્તિઓ પણ શોધે છે. ટૂંકમાં, પક્ષો સર્વવ્યાપી હોય છે પરંતુ આંતરિક રીતે લોકશાહી નથી. ઉમેદવારોની પસંદગી સામાન્ય રીતે ભદ્ર-સંચાલિત હોય છે. વિચારધારા ભાગ્યે જ લિટમસ ટેસ્ટ તરીકે કામ કરે છે. તેથી, રાજકીય પક્ષો ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા ઉમેદવારોની તરફેણ કરે તેવી શક્યતા વધુ હોય છે.

બીજી બાજુ, આ રાજકીય પક્ષો ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા લોકોને ચોક્કસ પ્રદેશ અને સમુદાયના તારણહાર તરીકે બ્રાન્ડ કરે છે. મતદારો ઘણીવાર ગુનાહિત ઉમેદવારોને ટેકો આપે છે કારણ કે તેમની ગુનાહિતતા તેમના સમુદાયના હિતોનું રક્ષણ કરવાની તેમની ઈચ્છા અને ક્ષમતા દર્શાવે છે. સમુદાય અને જાતિ-આધારિત હિતો જાણીતા ×ગૌરવ રાજકારણ×નો લાભ લે છે જે ભારતમાં સમકાલીન રાજકીય સ્પર્ધાની ઓળખ છે. ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા ઉમેદવારો સમગ્ર મતવિસ્તારના હિતોની સેવા કરવાને બદલે તેમના સમુદાયના શ્રેષ્ઠ હિતોનું પ્રતિનિધિત્વ કરવાના આધારે પ્રચાર કરે છે. તેઓ તેમના સમર્થકોને લક્ષ્ય બનાવતી વિવિધ પદ્ધતિઓ દ્વારા આ પ્રતિબદ્ધતા દર્શાવે છેઃ સ્થાનિક વિવાદોનું સમાધાન કરવું, ભૌતિક સુરક્ષા પૂરી પાડવી, કલ્યાણકારી લાભોના વહીવટમાં દખલ કરવી, અને ઘણીવાર તેમના પોતાના ખજાનામાંથી સામાજિક વીમો પૂરો પાડવો. તેમની સંપત્તિ અને હિંસા પર દબાણ કરવાની, અથવા ફક્ત ધમકી આપવાની ક્ષમતા એ ધારણાને પ્રોત્સાહન આપે છે કે તેઓ કામ પૂર્ણ કરવા માટે ગમે તે કરશે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## બિહારમાં નીતિશ જ મુખ્યમંત્રી : ગુરૂવારે શપથવિધિની શકયતા

# પ્રચંડ વિજય બાદ નીતિશકુમારને મળવા માટે જનતાદળ (યુ), ભાજપ - સાથી પક્ષોની કતાર લાગી

**પટણામાં ભવ્ય કાર્યક્રમમાં નીતિશકુમાર વધુ એક વખત સીએમના શપથ લેશે : ભાજપના બે નાયબ મુખ્યમંત્રીની ફોર્મ્યુલા : ચિરાગ પાસવાનની પાર્ટીને પણ મહત્વનું સ્થાન મળશે**

પટણા, તા.૧૬

બિહારમાં એનડીએના જબરા વિજય સાથે હવા રાજયમાં ફરી એક વખત સરકાર રચવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને રાજયના નવા મુખ્યમંત્રી તરીકે નીતિશકુમાર જ હશે તે નિશ્ચિત થઈ ગયું છે. બીજી તરફ આજે સવારથી નીતિશકુમારને મળવા માટે જનતાદળ (યુ) અને ભાજપના નેતાઓની કતાર લાગી ગઈ હતી.

તેમના અભિનંદન આપવા માટે આગામી દિવસોમાં એક જબરી સભાનું આયોજન પણ કરાય અને તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જનતાદળ (યુ)ના ટોચના નેતાઓ હાજર રહે તેવા સંકેત છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે આગામી સપ્તાહે



તા.૨૦ અથવા ૨૨ના રોજ નીતિશકુમારની નવી સરકાર શપથ લેશે.આ પૂર્વે તેઓ નવી સરકારની રચના માટે તેમની સરકારનું રાજીનામુ આપી દેશે અને રાજયપાલ આરીફ મહમદખાન તેમને નવી સરકાર રચવા આમંત્રણ આપશે. તા.૨૨ નવેમ્બરના રોજ બિહારની વર્તમાન વિધાનસભાની મુદત પુરી થઈ ગઈ છે અને તે દરમ્યાન નવી સરકારની રચના થઈ જશે તેમ માનવામાં આવે છે. આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હાજર રહેવાના હોવાથી તેમના સમયની રાહ જોવાય છે. શ્રી નીતિશકુમારના નવા મંત્રીમંડળમાં અગાઉની ફોર્મ્યુલા મુજબ બે નાયબ મુખ્યમંત્રી રહેશે.

સુત્રોના જણાવ્યા પ્રમાણે આ ચૂંટણીમાં ૧૯ બેઠકો સાથે શાનદાર દેખાવ કરનાર લોક જનતાંત્રીક પાર્ટીને પણ મહત્વના પદ મળશે તેમ માનવામાં આવે છે. આજે જ આ પક્ષના વડા અને કેન્દ્રીય મંત્રી ચીરાગ પાસવાન નીતિશકુમારને મળવા પહોંચ્યા હતા અને તેમને અભિનંદન આપ્યા હતા. આમ બિહારમાં હવે નીતિશના નેતૃત્વમાં નવી સરકાર માટે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

## સરકારી ડ્રાઈવરે કાર પર કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો

# ઝારખંડમાં ડેમમાં કાર ખાબકાતા ચાર પોલીસકર્મી ડૂબ્યા : 3 ના મૃતદેહો મળ્યા, એક હજુ લાપત્તા

રાંચી(ઝારખંડ),તા.૧૬

ઝારખંડની રાજધાની રાંચીમાં આજે શનિવારે સવારે એક અત્યંત દર્દનાક અને કણ ઘટના બની છે. અહીંના હટિયા ડેમમાં ચાર પોલીસકર્મીઓને લઈ જઈ રહેલી એક કાર કાબૂ ગુમાવીને ડેમમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ત્રણ પોલીસકર્મીઓના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે એક પોલીસકર્મી હજુ પણ લાપતા છે, જેમની શોધખોળ ચાલી રહી છે.

મળતી માહિતી મુજબ, આ ચારેય પોલીસકર્મીઓ શનિવારે સવારે એક કારમાં ક્યાંક જઈ રહ્યા હતા. જ્યારે તેમની કાર હટિયા ડેમ પાસે પહોંચી, ત્યારે ડ્રાઈવરે અચાનક વાહન



પરથી કાબૂ ગુમાવી દીધો અને કાર સીધી ડેમના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી.

પ્રાથમિક જાણકારી અનુસાર, આ દુર્ઘટનાનો ભોગ બનેલા ચાર પોલીસકર્મીઓમાંથી બે એક ન્યાયિક અધિકારીના બોડીગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા, જ્યારે એક સરકારી ડ્રાઈવર હતો. પોલીસે મૃતકોમાંથી જેમની ઓળખ થઈ છે તેમના નામ ઉપેન્દ્ર કુમાર અને રોબિન કુજુ જણાવ્યા છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને બચાવ દળની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ગોતાખોરોની મદદથી ડેમમાં શોધખોળ શરૂ કરવામાં આવી હતી. કલાકોની જહેમત બાદ ત્રણ પોલીસકર્મીઓના મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, ગોતાખોરોને પાણીમાંથી ૨ હથિયાર પણ મળી આવ્યા છે. ચોથા લાપતા પોલીસકર્મીના પણ મૃત્યુની આશંકા છે અને તેમની શોધખોળ હજુ ચાલુ છે. આ ઘટનાને પગલે સમગ્ર પોલીસ બેડામાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

## બિહાર ચૂંટણીમાં પ્રશાંત કિશોરની પાર્ટીએ તેની પહેલી ચૂંટણીમાં ખરાબ પ્રદર્શન કર્યું

પટણા,તા.૧૬

બિહાર વિધાનસભામાં બહુમતી માટે ફક્ત ૧૨૨ બેઠકોની જરૂર રહે છે, પરંતુ એનડીએનો આંકડો ૨૦૦ની આસપાસ રહ્યો છે દરમિયાન, જ્યારે આરજેડીના નબળા પ્રદર્શનની ચર્ચા થઈ રહી છે, ત્યારે પ્રશાંત કિશોરની નવી પાર્ટી, જન સૂરજ, જેણે ખૂબ જ ધામધૂમથી ચૂંટણી શરૂ કરી હતી, તેના પ્રદર્શન પર પણ પ્રશ્નાર્થ છે. જન સૂરજ પાર્ટીએ એક નવા પ્રકારના રાજકારણ વિશે વાત કરી હતી, જે વર્ષો પહેલા આંધ્રપ્રદેશમાં આમ આદમી પાર્ટી અને અભિનેતા પવન કલ્યાણની જન સેના પાર્ટીએ કર્યું હતું. જોકે, જન




સૂરજનું પ્રદર્શન પહેલી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી જેટલું સારું નહોતું. પવન કલ્યાણની પાર્ટીએ તેની પહેલી ચૂંટણીમાં એક બેઠક જીતી હતી, પરંતુ જન સૂરજ એક પણ બેઠક પર વિજયનો સ્વાદ ચાખશે નહીં.

આમ આદમી પાર્ટીએ ૨૦૧૩ માં તેની પહેલી ચૂંટણી લડી હતી. તે સમયે, આપ દ્વારા ૬૯ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખવામાં આવ્યા હતા અને શાનદાર પ્રદર્શન કરીને પોતાની પહેલી ચૂંટણીમાં ૨૮ બેઠકો જીતી હતી. તે કોંગ્રેસને પાછળ છોડીને બીજા ક્રમનો સૌથી મોટો પક્ષ બન્યો. વધુમાં, આપએ કોંગ્રેસના બહારના ટેકાથી સરકાર પણ બનાવી. આ દરમિયાન, જન સૂરજ બિહારમાં ૨૩૯ બેઠકો પર ચૂંટણી લડ્યા, પરંતુ બિહાર વિધાનસભા ચૂંટણીમાં એક પણ બેઠક પર જીત હાંસલ કરી શકી નથી એ પણ નોંધનીય છે કે પ્રશાંત કિશોરને તેમના પ્રચાર દરમિયાન બિહારના અરવિંદ કેજરીવાલ પણ કહેવામાં આવ્યા હતા, પરંતુ તેનું કોઈ પરિણામ આવ્યું નહીં. જનતા જન સૂરજ પર વિશ્વાસ કરવામાં નિષ્ફળ ગઈ.નોંધનીય છે કે દક્ષિણના સુપરસ્ટાર પવન કલ્યાણની પાર્ટી, જન સેના પાર્ટીએ પહેલીવાર ૨૦૧૯ની આંધ્રપ્રદેશ વિધાનસભા ચૂંટણી લડી હતી. તેણે ૫.૫ ટકા મત મેળવીને એક બેઠક જીતી હતી.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને દરેક સંજોગોમાં વિજય મળશે. કાર્યકાળમાં સુધારો કરવા માટે આજનો દિવસ સારો છે. નિષ્ણાંતની સલાહ ભવિષ્યમાં તમારા માટે ઉપયોગી સાબિત થશે.

**વૃષભઃ** આજનો દિવસ તમારા માટે નસીબદાર છે અને સંપત્તિની પ્રાપ્તિનો સંકેત આપી રહ્યો છે. ધનમાં વધારો થશે. શત્રુ હારશે અને અંતે સર્વત્ર સફળતાની પ્રાપ્તિથી ખુશ થશો. આજે વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષામાં લાભ થશે

**મિથુનઃ** ગ્રહોની શુભ સ્થિતિને કારણે આજે તમને અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારા ભંડોળમાં પણ વધારો થશે. તમારી સમસ્યાઓ તમારા પોતાના દમ પર ઉકેલવાનો પ્રયાસ કરો. તેનાથી થોડી સ્થાયી સફળતા મળશે.

**કર્કઃ** આજે તમારો દિવસ વ્યસ્ત છે અને આખો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવામાં પસાર થશે. પૈસાની દ્રષ્ટિએ તમને ફાયદો થશે અને પરિવારમાં સમૃદ્ધિ મળશે. આજે કંઈક એવું બનશે કે જે તમારા દ્રષ્ટિકોણને બદલશે.

**સિંહઃ** આજે તમારે વેપાર વ્યવસાય તરફ ધ્યાન આપવાની વધારે જરૂર છે. આજે બપોર સુધીમાં તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને એક કરી શકશો. આગળ કોઈ સમય ના મળી શકે. આજે મહિલાઓને દરેક ક્ષેત્રમાં વિશેષ સફળતા મળશે.

**કન્યાઃ** તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને લાભ મળશે. દરેક પ્રકારની ઇચ્છા પ્રાપ્ત થશે. ઘરે શુભ કાર્યો ગોઠવી શકાય છે અથવા સમાજના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો.

**તુલાઃ**આજે તમને શ્રેષ્ઠ સંપત્તિ મળશે અને ભાગ્યની સહાયથી કાર્યો પૂરા થશે. આજે તુલા રાશિના માલિકના આશીર્વાદથી તમને ભાગ્યનો સહયોગ પ્રાપ્ત થશે. કેટલાક ખર્ચ પણ આમાં શક્ય છે.

**વૃશ્ચિકઃ** આજે તમારો શુભ દિવસ રહેશે અને તમને પરિવારના બધા સભ્યોનો સહયોગ મળશે. ઓફિસમાં લોકો તમારી સહાય માટે તૈયાર રહેશે અને મનમાં ખાસ પ્રકારનો ઉત્સાહ રહેશે.

**ધનઃ** આજે તમે ભાગ્યની સહાયથી ખુશ અને સમૃદ્ધ થવાના છો અને આજે તમને ભેટો અને સન્માનનો લાભ મળશે. નજીકના મિત્રની સલાહ અને ટેકાથી તમે તમારા ખરાબ કાર્યોને પણ યોગ્ય રીતે કરી શકો છો, સમયનો લાભ લઈ શકો છો.

**મકરઃ** આજે તમારો ખાસ દિવસ છે અને તમારી રાશિના લોકોને આજે વિશેષ લાભ મળશે. આજનો દિવસ ભાગદોડમાં વિતાવશો અને વિશેષ ચિંતા રહેશે. પત્નીના સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવું.

**કુંભઃ** આ દિવસે તમને ભાગ્યનો સહયોગ મળશે. ક્ષેત્રમાં સ્થાળાંતરથી તમને ફાયદો થઈ શકે છે અને ધંધામાં પણ નફો વધશે. ભાગીદારો સાથે સાચી પ્રામાણિકતા અને સારી વાણી રાખીને તમે લોકોનું દિલ જીતી શકો છો.

**મીનઃ** આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને શ્રેષ્ઠ પ્રકારની સંપત્તિ મળશે. આજે ઘણા દિવસોથી અટકેલા પૈસા મળી શકે છે. આજે ચંદ્ર સુખ અને શાંતિ આપશે અને તમને તમારા ભાગ્યનો પૂરો સહયોગ મળશે.

## ફિલ્મી ગપશપ

### કંગનાએ દીકરા-દીકરીમાં ભેદભાવ પર મંતવ્ય આપ્યું

# ‘બોલિવૂડ હોય કે સામાન્ય પરિવાર, દરેક વ્યક્તિને પહેલા ખોળે દીકરો જ જોઈએ છે’

બોલિવૂડ એક્ટ્રેસ અને ભાજપ સાંસદ કંગના રનૌત હાલમાં પોતાની ફિલ્મો કરતાં પોતાના નિવેદનોને કારણે વધુ ચર્ચામાં છે. ફરી એકવાર તેનું એક નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે, જેમાં તેણે દીકરાની ઈચ્છા અને એશિયન પરિવારમાં દીકરા-દીકરી વચ્ચે ભેદભાવ વિશે ખૂલીને વાત કરી છે. આ નિવેદને ન માત્ર બોલિવૂડ પરંતુ સોશિયલ મીડિયા પર પણ ચર્ચા શરૂ કરી દીધી છે.

‘ટાઈમ્સ નાઉ‘માં પ્રકાશિત થયેલા એક અહેવાલ મુજબ, કંગના રનૌતે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, એશિયન સમાજમાં દીકરી પછી દીકરાની ઈચ્છા હોવા સામાન્ય વાત છે. તેણે કહ્યું, ‘દરેક એશિયન ઘર સાથે તમે કનેક્ટ કરી શકો છો. એક તો તમારી એક દીકરી હોય છે અને ત્યારબાદ બીજી પણ દીકરી જ જન્મે છે. બની શકે કે, જે લોકો વધુ ભણેલા છે, તે દેખાડવા ઈચ્છતા હોય કે તેમને કોઈ ફરક પડતો નથી. પરંતુ હું જણાવી દઉં કે દરેકને ફરક પડે છે, એક્ટર્સ હોય, એક્ટ્રેસિસ હોય કે મોટો પરિવાર હોય, તમામને ફરક પડે છે.‘

કંગનાએ એ પણ સ્પષ્ટ કર્યું કે, પહેલી દીકરીના જન્મ બાદ આ ભેદભાવ જોવા મળતો નથી, પરંતુ બીજી દીકરીના જન્મ બાદ મોટાભાગે આ વાત સ્પષ્ટ જોવા મળે છે.

કંગનાએ વધુમાં જણાવ્યું કે, તે એવા લોકોને ઓળખે છે, જે દાવો કરે છે કે તેઓ દીકરી અને દીકરા વચ્ચે ભેદ રાખતા નથી, પરંતુ વાસ્તવિકતા અલગ છે. તે માને છે કે, બોલિવૂડ હોય કે રાજકારણ, શ્રીમંત પરિવારો હોય કે સામાન્ય ઘરો, દીકરાની ઈચ્છા અને દીકરી પછી ભેદભાવ સામાન્ય છે. તેણે એમ પણ કહ્યું કે, ‘બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં પણ આ સ્પષ્ટ જોવા મળે છે, જ્યાં દીકરી કરતાં દીકરાની ઈચ્છા વધુ સામાન્ય છે.‘

કંગના રનૌતનું આ નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. આજે પણ દીકરીઓ અને દીકરાઓ વચ્ચે ભેદભાવ કેટલો સામાન્ય છે, તે અંગે લોકો પોતાના મંતવ્યો વ્યક્ત કરી રહ્યા છે. ઘણા લોકોએ કંગનાના નિવેદનને સમર્થન આપતા કહ્યું છે કે તે સાચું છે. તે જ સમયે, કેટલાક લોકોએ વાંધો ઉઠાવતા કહ્યું છે કે, આજના સમયમાં આવી વિચારસરણી બદલાઈ રહી છે.

કંગના રનૌતનું આ નિવેદન ફક્ત બોલિવૂડ જ નહીં પરંતુ સમગ્ર સમાજમાં દીકરીઓ અને દીકરાઓ વચ્ચે હજુ પણ કેટલો ભેદભાવ છે તેની ઝલક આપે છે. તેનું આ નિવેદન લોકોને વિચારવા માટે મજબૂર કરી રહ્યું છે અને દીકરી કરતાં દીકરાની ઈચ્છા હજુ પણ સામાન્ય છે કે કેમ તે અંગે ચર્ચા શરૂ કરી રહ્યું છે.

## આજે બાળકોની દેખભાળમાં કમી રહી ગઈ છે, શ્રવણકુમારને લોકો ભૂલ્યા છે : જજ

# દીકરાઓ માતા - પિતાને તીર્થ પર નહિં કોર્ટમાં લઈ જઈ રહ્યા છે : હાઈકોર્ટ

**સારવાર માટે મુંબઈ આવતા માતા - પિતાને રોકવા દીકરાએ હાઈકોર્ટમાં અરજી કરતા જજે દીકરાને ખખડાવી નાખ્યા**

મુંબઈ તા.૧૬

બોમ્બે હાઈકોર્ટે એક કેસમાં કડક ટિપ્પણી કરતાં કહ્યુ હતું કે આજના સમયમાં સંસ્કારોની સ્થિતિ એટલી હદે ખરાબ થઈ ગઈ છે કે દિકરો પોતાના વૃદ્ધ માતા-પિતાને તીર્થયાત્રા પર લઈ જવાની જગ્યાએ અદાલતમાં ઘસડી રહ્યા છે.

કોર્ટે મૂંબઈનાં ગોરેગાંવના એક વ્યકિતની એ અરજી ફગાવી દીધી હતી જેમાં તેણે પોતાનાં મા-બાપને સારવાર માટે મુંબઈ આવી તેના ઘરે આવતા રોકવા રોકનો આદેશ માગ્યો હતો.

જસ્ટીસ જિતેન્દ્ર જૈનની સિંગલ બેન્ચે કહ્યું હતું કે આ એક વધુ દુઃખદ ઉદાહરણ છે કે દિકરો તેનાં બિમાર અને વયોવૃદ્ધ માતા-પિતાની સારસંભાળની નૈતિક જવાબદારી નિભાવવાના બદલે તેની સામે કેસ કરી રહ્યો છે. જજે કહ્યું હતું કે આપણા સમાજનાં સંસ્કાર એટલી હદે ભાંગી ગયા છે કે આપણે શ્રવણ કુમાર જેવા આદર્શને પણ ભૂલી ગયા છીએ.

કોર્ટે કહ્યું હતું કે આજના સમયમાં બાળકોની સારસંભાળમાં



કયાંકને કયાંક ગંભીર કમી કરી ગઈ છે.ત્યારે માતા-પિતાએ કોર્ટનો દરવાજો ખખડાવવો પડી રહ્યો છે.

આદેશનું પાલન ન કર્યું તો અવગણનાની કાર્યવાહી

કોર્ટે કહ્યું હતું કે દુઃખની વાત એ છે કે માતા-પિતા દસ બાળકોનું પાલન પોષણ કરી શકે છે પરંતુ ઘણીવાર દસ બાળકો મળીને પણ માતા-પિતાની સારસંભાળ નથી રાખી શકતા. મામલામાં કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે દિકરાએ વૃદ્ધ મા-બાપની સારસંભાળ રાખવી પડશે.

હાલ માતા-પિતા કોલ્હાપુરમાં પોતાના ત્રીજા પુત્રની સાથે રહે છે. પરંતુ સારવાર માટે હંમેશા મુંબઈ આવવુ પડે છે. કોર્ટે આદેશ આપ્યો હતો કે જયારે પણ તેઓ મુંબઈ આવે ત્યારે દિકરો કે તેની પત્નિ તેમને લેવા જશે અને સારવાર માટે સાથે પણ લઈ જશે.

કોર્ટે ચેતવણી આપી હતી કે તેણે આદેશનું પાલન ન કર્યું અને માતા-પિતાને કોઈપણ પ્રકારની પરેશાની થઈ તો દિકરાની સામે અદાલતની અવગણનાની કાર્યવાહી થશે.

### ફરજિયાત રિટાયર થનાર કર્મચારીઓના પેન્શન અને ગ્રેચ્યુઈટી માટે સરકારનો નવો નિર્દેશ

# ગ્રેચ્યુઈટીની રકમ અને સેવાકાળની હિસાબની ગણતરીમાં અસમંજસનો સામનો હવે નહીં કરવો પડે

નવીદિલ્હી, તા.૧૬

ફરજિયાત નિવૃત્તિ મેળવનાર કર્મચારીઓએ પોતાની ગ્રેચ્યુઈટીની રકમ અને સેવાકાળના હિસાબની ગણતરીમાં ઘણી અસમંજસનો સામનો કરવો પડી રહ્યો છે. હવે સરકારે સ્પષ્ટ કર્યું છે કે ફરજિયાત રિટાયર કરવામાં આવનાર કર્મચારીઓના મામલે કયા આધારે પેન્શન અને ગ્રેચ્યુઈટી નકકી કરવામાં આવશે.




આ બારામાં એક નવો ઓફિસ મેમોરેન્ડમ જાહેર કરવામાં આવ્યો છે. આ નિયમ સેન્ટ્રલ સિવિલ સર્વિસીઝ (પેન્શન) રૂલ્સ ૨૦૨૧ના રૂલ ૪૪ અંતર્ગત લાગુ કરવામાં આવશે. સરકારે બધા મંત્રાલયો અને વિભાગોને નિર્દેશ આપ્યા છે કે તે આ નિયમની જાણકારી પોતાના બધા કર્મચારીઓ સુધી પહોંચાડે.

જે કર્મચારીઓને ૧૦ વર્ષથી પહેલા ફરજિયાત રિટાયર્ડ કરવામાં આવશે તેમને ફરજિયાત રિટાયરમેન્ટ ગ્રેચ્યુઈટી મળશે. આ રકમ સુપર એનુએશન ગ્રેચ્યુઈટીનો એડ નિશ્ચિત ટકા હશે, જેને સક્ષમ અધિકારી નકકી કરશે.

મે કોઈ કેન્દ્રીય કર્મચારી ઓછામાં ઓછી ૧૦ વર્ષની સર્વિસ પૂરી કર્યા બાદ ફરજિયાત રિટાયર થાય છે તો તેને પછી કમ્પલસરી રિટાયરમેન્ટના પેન્શનનો અધિકાર મળશે. આ પેન્શનની રકમ સામાન્ય સુપર અનુએશન પેન્શન એટલે કે નિયમિત રિટાયરમેન્ટ પેન્શનનો એક નિશ્ચિત ભાગ હશે. તેને સંબંધિત અધિકારી કે વિભાગ નકકી કરશે.

સરકારનું આ પગલું એ કર્મચારીઓ માટે રાહતદાયક છે જેઓ પોતાની આર્થિક સુરક્ષાની યોજના બનાવી રહ્યા છે.

### દુબઈમાં ગેંગવોર : પોતાના નાનાભાઈનો જીવ બચાવનારની ગોલ્ડી બરારે હત્યા કરાવી

# ચાલુ કારમાં ગળા પર હથિયાર ચલાવી હત્યા કરાઈ : ગોલ્ડી બરારે હત્યાની જવાબદારી લેતા લોરેન્સે ધમકી આપી - હવે રસ્તા પર લોહી વહેશે

દુબઈ તા.૧૫

પીયુના પૂર્વ છાત્ર અને ગુરલાલ બરાડ અને લોરેન્સ બિશ્નોઈના નજીકનો સુખદીપ ઉર્ફે સિપ્પા ઉર્ફે જોરા સિધ્ધુની દુબઈમાં ગળુ કાપીને હત્યા કરી દેવાઈ છે. આ હત્યાની જવાબદારી ગોલ્ડી બરાર અને તેના નજીકના ગેંગસ્ટર રોહિત ગોદારાએ સોશિયલ મીડિયા પર લીધી હતી.



ઉલ્લેખનીય છે કે, ગોલ્ડી બરારના નાનાભાઈ ગુરલાલ બરાડનો કોળી વાગતા તાત્કાલિક હોસ્પિટલે પહોંચાડીને જીવ સુખદીપ ઉર્ફે સિપ્પીએ બચાવ્યો હતો અને ગોલ્ડીએ ભાઈનો જીવ બચાવનારની હત્યા કરાવી છે.

સુત્રો અનુસાર સિપ્પાની હત્યા ચાલતી કારમાં કરાઈ હતી. હુમલાખોર જર્મનીથી આવ્યો હતો અને સિપ્પાનો ભરોસો જીતીને દુબઈમાં તેને મળવા પહોંચ્યો હતો ઘટના બાદનો એક ફોટો બહાર આવ્યો છે જેમાં તેના માથા પર ઉંડા ઘા નજરે પડે છે.સૂત્રોએ જણાવ્યું હતું કે લોરેન્સ અને ગોલ્ડી બરાડ કેટલાક મહિના પહેલા એક જ ગેંગમાં હતા, હવે બન્ને અલગ છે. આ વિવાદને લઈને સિપ્પાને નિશાન બનાવવામાં આવ્યો છે કારણ કે તે લોરેન્સનો વિશ્વાસુ હતો અને દુબઈમાં બેસીને ગેરકાયદે કારોબાર સંભાળતો હતો.

ગુરલાલની હત્યા બાદ લોરેન્સે લખ્યું હતું-માર્ગો પર લોહી વહેશે. ગુરૂલાલની હત્યા બાદ લોરેન્સે આ પોસ્ટમાં વિરોધી ગેંગને ધમકી આપી હતી.

### ૨૦૨૪ લોકસભા ચૂંટણી બાદ વિપક્ષોને મળેલો લાભ ધોવાઈ ગયો

# બિહાર ચૂંટણીના પરિણામો વ્યાપક રાજકીય અસર કરશે : એનડીએ વધુ મજબૂત બની

## હાલ નીતિશને ડિસ્ટર્બ નહી કરે : રાજયસભામાં લાભ વધારવા કવાયત

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૬

બિહારમાં એનડીએની ડબલ સેન્ચુરી સામે પ્રચંડ વિજય બાદ હવે આગામી વર્ષે યોજાનારી પ.બંગાળ, તામિલનાડુ, કેરળ અને આસામની ધારાસભા ચૂંટણી માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે જ વિજય-સભામાં ગંગા-બિહારમાંથી પ.બંગાળ જાય છે તેવા વિધાનો કરીને ચેતવણીનું ફાયરીંગ કરી દીધુ છે.

તો તાત્કાલીક પ્રત્યાઘાતમાં વિપક્ષોનું SIR‘ નું હથિયાર પણ છીનવાઈ ગયું છે અથવા બુઠ્ઠુ થઈ ગયુ છે તેની તા.૧થી શરૂ થનારા સંસદના શિયાળુ સત્રમાં સરકાર તેના મહત્વના ૨૦૨૯ સુધીમાં લાગુ કરાય તેવા એજન્ડા પણ લાગુ કરવા માટે આગળ વધશે.




બિહારના પરિણામોની અસર વ્યાપક હશે તે નિશ્ચિત છે અને ભાજપ તેનો પુરેપુરો રાજકીય લાભ મળે તે માટે પણ આગળ વધશે. સૂત્રોના જણાવ્યા મુજબ બિહારમાં નવી સરકારની રચનામાં હાલ ભાજપ નીતીશકુમારને ડિસ્ટર્બ નહી કરે.

ખાસ કરીને ચાર રાજયોની ધારાસભા ચુંટણીઓ આવી રહી હોવાથી પક્ષ કોઈ નવા રાજકીય મુદાઓ ઉઠવા દેવા માંગતો નથી પણ પ્રથમ ભાજપ તેના સંગઠનની નવરચના જે રાષ્ટ્રીય સ્તરે લાંબા સમયથી પેન્ડીંગ છે તે લાગુ કરશે.

જેમાં નવા રાષ્ટ્રીય પ્રમુખ અને તેની ટીમ જે ચાર રાજયોની ચૂંટણી હેન્ડલ કરી શકે તે નિશ્ચિત કરશે તો મોદી સરકાર હવે મીડ ટર્મ મંત્રીમંડળ વિસ્તરણ માટે પણ આગળ વધી શકે છે.

આમ દિલ્હીમાં તેની પકડ મજબૂત બનાવશે. ખાસ કરીને ભાજપની નજર હવે રાજયસભાની ખાલી થનારી બેઠકો પર હશે. હાલ રાજયની ૧૬માંથી ૧૦ બેઠકો એનડીએ પાસે છે જેમાં હવે મોટાભાઈ તરીકે ભાજપ વધુ ભાગ માંગી શકે છે. ગઈકાલની ગણતરી બાદના આખરી પરિણામો ભાજપ-જનતાદળ (યુ) વાળો હવે ફકત ચાર જ બેઠકનો ફર્ક છે. ભાજપ ૮૯ અને જનતાદળ (યુ)એ ૮૫ બેઠકો જીતી છે.

તો ચિરાગ પાસવાનના લોકજનતાંત્રીક પાર્ટીને ૧૯ અને હમ સહિતના પક્ષોને ૯ બેઠકો મળી છે તો વિપક્ષમાં રાજ દવે તેના અત્યાર સુધીના સૌથી ખરાબ પરિણામમાં ૨૫ બેઠકો મેળવી છે જયારે તેના નેતા તેજસ્વી યાદવ તેમની રાઘોપુર બેઠક બચાવવામાં સફળ રહ્યા છે. કોંગ્રેસ જે એક તબકકે ૧ બેઠક જીતી શકશે. તેનો સંકેત હતો. તેણે ૬ બેઠકો મેળવીને આશ્વાસન મેળવ્યું છે.

હવે કોંગ્રેસમાં રાહુલ ગાંધીના નેતૃત્વ અને ચુંટણી મુદાઓ નિશ્ચિત કરી તે જનતા સુધી પહોંચે તે જોવાની તેમની ક્ષમતા સામે સવાલ ઉભા કર્યા છે અને વડાપ્રધાન શ્રી મોદીએ કોંગી ખુદ તો ડુબે છે સાથીઓને પણ ડુબાડે છે તેવુ કહી આગામી સમયમાં જયાં સુધી યોજાવાની છે ત્યાં કોંગ્રેસને ફીકસમાં મુકી દીધી છે. હરિયાણા, મહારાષ્ટ્ર બાદ કોંગ્રેસનો ત્રીજા રાજયમાં પરાજયએ તેના ૨૦૨૪ના લોકસભા ચૂંટણીમાં જ એડવેન્ટેજ હતો તે ખોઈ નાખ્યો છે.

### ટેકસી એપ ઉબેર - ઓલાની સુવિધાની દુવિધા : હિડન ચાર્જ, કેન્સલેશનથી ગ્રાહક પરેશાન

# રાઈડ પૂરી થયા બાદ બિલમાં એવા ચાર્જ જોડી દેવામાં આવે છે જેની અગાઉથી જાણકારી આપવામાં નથી આવતી

નવી દિલ્હી, તા.૧૫

ઓલા અને ઉબેર જેવી ટેકસી એપનો ઉપયોગ વધી રહ્યો છે. પરંતુ આ સેવાઓ સામે લોકોની ફરિયાદો પણ વધી છે.એક સર્વેમાં બહાર આવ્યું છે કે દેશમાં ૧૦ માંથી ૮ લોકો હ્રડાર્ક પેટર્ન‘ એટલે કે એપની ચાલબાજીથી પરેશાન છે.

લોકલ સર્વેમાં એ વાત બહાર આવી છે કે, ટેકસી એગ્રીગેટર પ્લેટફોર્મ (જેમ કે ઓલા-ઉબેર વગેરે પર યુઝર્સને જાસો આપવો, જબરદસ્તીથી કેન્સલ કરાવવુ, વારંવાર ટોકવુ અને એપની ડિઝાઈનમાં હેરફેર જેવી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. સર્વેમાં સામેલ ૫૯ ટકા એપ ટેકસી યુઝર્સનું કહેવુ છે કે તેમણે ડ્રિપ પ્રાઈસીંગનો સામનો કર્યો છે. મતલબ રાઈડ ખતમ થયા બાદ બિલમાં એવા




ચાર્જ જોડી દેવામાં આવે છે જેના બારામાં અગાઉ નથી બતાવાયુ હોતુ.

આ અંગે કરવામાં આવેલ સર્વે મુજબ હિડન ચાર્જ વસુલવા મામલે ૨૮ ટકા લોકોએ કહ્યું હતું-ઘણી વખત ૩૧ ટકાએ કહેવુ કયારેક, ૧૯ ટકાએ કહેલુ, કદાચ જ ૧૪ ટકાએ કહેલુ કયારેય નહિં.;

જબરજસ્તીથી કેન્સલ કરાવી હતી તેવા પ્રશ્નના જવાબમાં ૫૫ ટકાએ કહેલુ કયારેક, ૩૫ ટકાએ કહેલુ કયારેક જ, ૭ ટકાએ કહેલુ કયારેય નહિં. હ્રબેટ એન્ડ સ્વિચ‘ની ઠગાઈના બારામાં ૬૬ ટકા લોકોએ કહેલુ ઘણીવાર, ૨૦ ટકાએ કહેલુ. કયારેક, ૪ ટકાએ કહેલુ કદાચ જ કયારેક, ૭ ટકાએ કહેલુ કયારેય નહિં.

ખોટા મેસેજનાં બારામાં ૫૬ ટકા લોકોએ કહેલુ ઘણીવાર, ૨૨ ટકાએ કયારેક ૧૧ ટકાએ કહેલુ કદાચ જ કયારેક ૯ ટકાએ કહેલુ કયારેય નહિં.

# પરમાત્મા માટે સર્વ સુખનો ન્યાસ કરવો એટલે ત્યાગ કરવો એ સંન્યાસ છે



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા



ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આગળ જોઈએ તો જીવ દીન થઈ ઈશ્વરના ચરણમાં રહે તો અપમાનની અસર તેના ઉપરનહીં થાય.તેનામાં અભિમાન હશે તો અસર થશે.આ સહન શક્તિનું નામ તિતિક્ષા છે.

ધર્મનું છઠ્ઠું લક્ષણ અહિંસા છે. તન, મન અને વાણીથી કોઈને દુભાવવું નહીંતે અહિંસા છે.જેના જેના સંગથી સ્વભાવ બદલાયએ સંત છે.ઋષિમુનિઓના આશ્રમમાં પશુઓ હિંસક સ્વભાવ છોડી શાંતિથી બેસતાં,એ માત્રભૂતકાળ ની વાત નથી,આજે પણ એ બને છે. સાતમું લક્ષણ છે બ્રહ્મચર્ય. શરીરથી ઘણા બ્રહ્મચર્ય પાળે છે, પરંતુ આંખથી અને મનથી બ્રહ્મ ચર્ય પાળનારાં ઓછાં છે. મનને સ્થિર કરવાનું સાધન છે બ્રહ્મચર્ય તનમનની સર્વથા શુદ્ધિતે બ્રહ્મચર્ય

ત્યાગ:ત્યાગ કરવોએ મનુષ્ય માત્ર નો ધર્મ છે.બાંધવુંને ભેગું કરવું એ ધર્મ નથી.સ્વાધ્યાય:સગ્રંથનું ચિંતન-મનન એ સ્વાધ્યાય છે.

આર્જવ:સ્વભાવને સરળ રાખવો સ્વભાવમાં કુટિલતા કે આંટીઘૂંટી ન રાખવી,મનમાં હોય તે જ પ્રગટ કરવું.સંતોષ:ઈશ્વરે જે આપ્યું છે તેમાં સંતોષ માને તે શ્રીમંત. પ્રભુ એ જે આપ્યું છે તેને જે ઓછું માને તે દરિદ્ર.

એક ભિખારીને રત્નની વીંટી મળી તેણે વિચાર્યું કે,મારા કરતાં જે વધારે ભિખારી દુ:ખી હોય તેને આ વીંટી આપું.રસ્તે જતાં તેણે જોયું તો એક શેઠને પાંચ બંગલા છે અને છઠ્ઠો બંગલો બંધાવે છે. આ શેઠ તે વખતે મજૂરી બાબતે ઝઘડો કરતા હતા.ભિખારીએ શેઠને વીંટી આપી.શેઠ કહે,મારી પાસે ઘણું છે. હું ભિખારી નથી. મને શા માટે વીંટી આપે છે? ભિખારી કહે,તમારી પાસે ઘણું હોય તો નીત નવીમિલકતનો લોભ કેમ કરો છો?તમને સંતોષ નથી એટલે ભિખારી હું નહીં,તમે છો.

સમદ્રષ્ટિ:સર્વમાં સમદ્રષ્ટિ રાખવી. ક્રિયામાં વિષમતા હોય, ભાવમાં વિષમતા કદી કરવી નહીં.

મૌન:વ્યર્થ કાંઈ ન બોલવુંએ મૌન છે.મનથી ન બોલે એ મૌન.મૌનથી મનને શાંતિ મળે છેને પાપનો નાશ થાય છે.

આત્મચિંતન:હું કોણ છુંતેનો રોજ વિચાર કરવો.હું શરીર નથી,હું પરમાત્માનો અંશ છું.જન્મ પહેલાં કોઈ સગાં ન હતાં અને મર્યા પછી કોઈ સગાં નથી.બધી માત્રમાયાછે એવું રોજ ચિંતન કરવું.મરતા પહેલાં એક શેઠે પોતાની વસીયત માં લખી રાખેલું કે,ગંગા-જમુનાની મધ્યમાં લાખ રૂપિયા છે.છોકરા વિચારવા લાગ્યા ગંગાને જમુના બે મોટી નદીઓ, તેની વચમાં આ જગ્યા ક્યાં શોધવી?ત્યારે જૂના મુનિમે કહ્યું,તમારા ઘરમાં ગંગા- યમુના નામની બે ગાયો છેતે જે જગ્યા એ બાંધવામાં આવે છે તેની વચ્ચે આ રૂપિયા છે.આ દૃષ્ટાંતનો આધ્યાત્મિક અર્થ એવો થાય છે કે,ગંગા-જમુનાએ ઈંગલા પિંગલા બે નાડીઓ છે,તેની મધ્ય માં સુપુગણા નાડી છે.કોઈ ગુરુ આ સુષુણ્ણા નાડીને જાગ્રત કરી આપે ત્યાં સુધી બ્રહ્મનાં દર્શનથતાં નથી.પેલા શેઠના છોકરાને ગંગા-જમનાની ખબર નથી,એના જ ઘરમાં છે છતાં.તેમ આપણને આપણી અંદર જે ગંગા જમુના છે તેની ખબર નથી.પછી દ્રવ્યરૂપી પ્રભુ જડે ક્યાંથી?ગુરુ બતાવે તો જ જડે.ધર્મનાં બીજાં લક્ષણોમાં શ્રીકૃષ્ણકીર્તન,સ્મરણ,સેવા,પૂજા નમસ્કાર અને આત્મસમર્પણ વગેરે છે.

હું પરમાત્માનો છું એવું સતત ચિંતન કરવાથી જીવને પરમાત્મા અપનાવે છે.પરમાત્માને આત્મ સમર્પણ કરવું એ સર્વનો ધર્મ છે. તે પછી વિશિષ્ટ ધર્મો બતાવ્યા છે ૧.બ્રાહ્મણ,૨.ક્ષત્રિય,૩.વૈશ્ય અને ૪.શૂદ્ર.આ ચારવર્ણો ઈશ્વરના અંગમાંથી નીકળ્યા છે.આ બધા એક ઈશ્વરના સ્વરૂપમાં રહેલા છે. ચારે મળીને એક અંગ બને છે તેવી ભાવના રાખો.શાસ્ત્રમાં હરિ જનની ક્યાંય નિંદા કરી નથી,પણ સર્વ પોતપોતાનો ધર્મ પાળે એમ કહ્યું છે.અધ્યયન,અધ્યાપન,દાન લેવું,દાન આપવું,યજ્ઞ કરવો અને યજ્ઞ કરાવવોએ બ્રાહ્મણના છ ધર્મો છે.ક્ષત્રિયોએ પ્રજાનું રક્ષણ કરવું.વૈશ્યોએ ગૌરક્ષા કૃષિ અને વ્યાપાર દ્વારા પોતાની આજીવિકા ચલાવવી.શૂદ્રોએ આ ત્રણવર્ગોની સેવા કરવી.તે પછી સ્ત્રીઓના ધર્મોનું વર્ણન કર્યુંછે.સ્ત્રીનું હૃદય લાગણી પ્રધાન હોય છે.સ્ત્રી પતિ માં ઈશ્વર ની ભાવના રાખે,સ્ત્રીને મુક્તિ જલદી મળે છેએમ કહ્યું છે

તે પછી ચાર આશ્રમ બતાવ્યા છે. મનુષ્યનું આયુષ્ય ૧૦૦ વર્ષનું છે. હાલના સંજોગો જોતાં મનુષ્ય ૨૩ વર્ષની ઉંમર સુધી બ્રહ્મચર્યનું પાલન કરે,૨૪ થી ૪૦વર્ષની ઉંમર સુધી ગૃહસ્થાશ્રમમાં રહે,૪૦થી ૫૦ વર્ષની ઉંમર સુધી વાનપ્રસ્થા શ્રમમાં રહે અને ૫૦ વર્ષની ઉંમર પછી સંન્યાસાશ્રમમાં પ્રવેશ કરે. બ્રહ્મચર્ય એ સરવાળો છે અને ગૃહસ્થાશ્રમ એ બાદબાકી છે. વાનપ્રસ્થ ધર્મમાં સંયમનો વધારો કરી ફરીથી શક્તિને વધારવાનીછે શક્તિનો ગુણાકાર કરવાનો છે. સંન્યાસાશ્રમ એટલે ભાગાકાર વણાર્શ્રમની મર્યાદાઓ જીવને ઈશ્વર પાસે જવાની તપશ્ચર્યા છે. બ્રહ્મચારી મિતાહારી રહે.બ્રહ્મ ચારીનો આહાર અતિ સાત્ત્વિક હોય.જેને બ્રહ્મચર્યનું પાલન કરવું છે તે ઈન્દ્રિયો ઉપર જરા પણ વિશ્વાસ ન રાખે.મોટામોટા ઋષિ ઓ ભૂલા પડ્યા છે તો સાધારણ ની તો શું વાત કરવી? માટે અતિ સાવધાન રહેવાની જરૂર છે. ગૃહસ્થ સંન્યાસ લેતાં પહેલાં વાન પ્રસ્થનું પાલન કરે, પવિત્ર ગ્રંથોનું અધ્યયન કરે, વૈરાગ્ય દઢ થાય તો સંન્યાસ લે. વૈરાગ્યને દઢ કરવા માટે ભારે તૈયારી કરવી જોઈએ. સ્વાધ્યાય અને સત્સંગ એમાં મુખ્ય છે.

પરમાત્મા માટે સર્વ સુખનો ન્યાસ કરવો એટલે ત્યાગ કરવો એ સંન્યાસ છે.

એક વખત ભગવાન દત્તાત્રેયને પ્રહલાદે પૂછેલું,તમે કોઈ ભોગ ભોગવતા નથી તેમ છતાં હૃષ્ટપુષ્ટ છો તેનું કારણ શું?

દત્તાત્રેય કહે, મેં સમજી લીધું છે કે, સુખ ભોગવવાની ઈચ્છા એ દુ:ખ છે. એટલે મારો આનંદ હું મારા આત્મસ્વરૂપમાંથી મેળવું છું.

આજે છેલ્લે જોઈએ તો એક નાના ગામમાં,સ્વામી ચૈતન્ય દાસ નામના એક સંત રહેતા હતા લોકો તેમની સમસ્યાઓ લઈને આખો દિવસ તેમની પાસેઆવતા કેટલાક કહેતા કે તેમના પૈસા નથી રહેતા,કેટલાક કહેતા કે તેમના મનને શાંતિ નથી,કેટલાક કહેતા કે ઘરમાં શાંતિ નથી.

એક દિવસ, ગામના સૌથી ધનિક વ્યક્તિ શંભુ શેઠ તેમની પાસે આવ્યા તેમણે કહ્યું,×સ્વામીજી, મારી પાસે બધું જ છે-પૈસા,ઘર, પરિવાર-પણ મારા હૃદયમાં એક વિચિત્ર અંધકાર છે.કંઈ સારુંનથી લાગતું.કૃપા કરીને મને થોડોપ્રકાશ આપો.×

સ્વામીએ હસીને કહ્યું,×આજે રાત્રે મારી સાથે ટેકરી પર આવો; હું તમને તમારો પ્રકાશ બતાવીશ.

રાત થઈ ગઈ હતી અને તેઓ ટેકરી પર પહોંચ્યા.સ્વામીએ એક નાનો દીવો પ્રગટાવ્યો અને કહ્યું, ×જુઓ,શંભુ દિવાલ પર પડેલા આ દીવાની જ્વાળાઓ કયા પડછાયા છે?×

શંભુએ જવાબ આપ્યો,×હા, તમે અને હું દિવાલ પર અમારા પડ છાયા સ્પષ્ટ જોઈ શકીએ છીએ

સ્વામીએ કહ્યું,×હવે ધ્યાનથી જુઓ અને દીવો ઓલવી નાખ્યો

અંધારું છવાઈગયું.શંભુ ગભરાઈ ગયો. ×સ્વામીજી!હવે મને કંઈ દેખાતું નથી!×

સ્વામીએ શાંત સ્વરે કહ્યું,×આ સમજો,શંભુ જેમ દીવો બુઝાઈ જાય છે ત્યારે પડછાયો અદ્રશ્ય થઈ જાય છે,તેવી જ રીતે,જ્યારે મનમાં ચેતનાનો પ્રકાશ ઓલવાઈ જાય છે,ત્યારે દુનિયાની બધી છબીઓ,બધા ભ્રમ,બધું જ અર્થ હીન લાગે છે.×

તેમણે આગળ કહ્યું, ×આ દુનિયા એવી છે જેવી તમારી અંદરનો દીવો તેને બતાવે છે. જો તમારી અંદર પ્રકાશ, પ્રેમ, શાંતિ અને જાગૃતિ હોય, તો દુનિયા સુંદર દેખાય છે. જો તમારી અંદર અંધકાર,લોભ, ઈર્ષ્યા અને આસક્તિ હોય,તો આ દુનિયા બોજ બની જાય છે.×શંભુએ શાંતિથી સાંભળ્યું.તેની આંખોમાં આંસુ આવી ગયા.તેણે કહ્યું, ×સ્વામીજી,હવે હું સમજી ગયોછું મેં મારો પોતાનો દીવો બુઝાવી દીધો હતો.×સ્વામી હસ્યા,×ફરી દીવો પ્રગટાવો, શંભુ.બીજાના શબ્દો,સંપત્તિ કે દેખાડાથી નહીં, પણ તમારી પોતાની આંતરિક ચેતનાના તેલથી.પછી તમે જોશો પડછાયોકે અંધકાર તમને ડરાવશે નહીં.×જ્યારે શંભુ શેઠ તે રાત્રે પાછા ફર્યા ત્યારે તેમના ચહેરા પર એક નવો પ્રકાશ હતો.એવું કહેવાય છે કે તે પછી,તે દરરોજ સવારે તેમના મનના પ્રકાશ સાથે જાગતા હતા.અને ખરેખર, તેના જીવનમાંથી અંધકાર દૂર થઈ ગયો.

વાચક ચાહક મિત્રો આજની આ વાત એ સમજાવે છે કે દીવો પ્રગટાવવામાં આવે ત્યારે જ દિવાલ પરના પડછાયા દેખાય છે. અને જીવનમાં દુનિયા ત્યારે જ સુંદર દેખાય છે જ્યારે ચેતના જાગૃત થાય છે. દીવો બુઝાતાની સાથે જ પડછાયા અદશ્ય થઈ જાય છે; ચેતના બુઝાતાની સાથે જ ×હું× અને ×મારું× બધા અદશ્ય થઈ જાય છે.અસ્તુ.

# ગુરુત્વપૂર્ણ મુદ્દાઓ પર ગુજરાત કોંગ્રેસની જન આક્રોશ યાત્રાનો પ્રારંભ

## ઢીમા સ્થિત ધરણીધર મંદિરથી ૨૧ નવેમ્બરે યાત્રા પ્રસ્થાન કરશે; ૬૦ દિવસમાં ૧૧૦૦ કિમીનું ભ્રમણ, ખેડૂતો–યુવાનો તેમજ મહિલાઓના પ્રશ્નો મુદ્દે સંવાદ

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૬

ગુજરાત કોંગ્રેસ ફરી એક વખત રાજ્યભરમાં વ્યાપક જનજાગૃતિ માટે જન આક્રોશ યાત્રા શરૂ કરવા જઈ રહી છે. વાવ-થરાદ જિલ્લાના ઢીમા ગામ ખાતે આવેલા ધરણીધર મંદિરથી ૨૧ નવેમ્બરથી યાત્રાનું પ્રસ્થાન થશે. આ યાત્રા ૫ ઝોનમાં ૬૦ દિવસ સુધી ચાલશે અને ઉત્તર ગુજરાતમાંથી પ્રારંભ થનાર પ્રથમ ફેઝમાં ૧૧૦૦ કિલોમીટર ભ્રમણ કરીને બહુચરાજી ખાતે સમાપન થશે. યાત્રા દરમિયાન ખેડૂતો, યુવાનો અને મહિલાઓના પ્રશ્નોને કેન્દ્રમાં રાખી વિવિધ જાહેર સભાઓ યોજાશે.




ગુજરાત પ્રાંત કોંગ્રેસ કમિટી પ્રમુખ અમિત ચાવડાએ યાત્રાના હેતુ અંગે માહિતી આપતા જણાવ્યું કે, દરેક ઝોનના ગામડાઓમાં જનતાને મંચ પર આવવાની તક મળશે અને સ્થાનિક સમસ્યાઓ અંગે સીધો સંવાદ કરવામાં આવશે. ખેડૂત મુદ્દા, યુવાનોની રોજગાર સંબંધિત સમસ્યાઓ, મોંઘવારી, મહિલા સુરક્ષા અને નાનાં વેપારીઓના પ્રશ્નો આ યાત્રાના મુખ્ય એજન્ડા રહેશે.

ચાવડાએ જણાવ્યું કે રાજ્યના દરેક જિલ્લો અને તાલુકો આવરી લેતી આ યાત્રા પ્રાદેશિક સમસ્યાઓને તાજગીથી જંદ્રીદ્રી મંચ આપશે. જનતાના પ્રશ્નોને એકત્રિત કરીને રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરાશે. તેમણે ભાજપના ત્રણ દાયકાના શાસન પર નિશાન સાધતા જણાવ્યું કે, “ભાજપે અંગ્રેજોના સમય જેવી વહીવટી પદ્ધતિ અપનાવી છે. ડર અને ભયનું વાતાવરણ ઊભું થયું છે અને અબજો રૂપિયાના બજેટ પછીપણ ખેડૂતો, યુવાઓ, મહિલાઓ અને મજૂર વર્ગને પૂરતું મળ્યું નથી.’’આગળ તેમણે ઉમેર્યું કે, અધિકાર મેળવવા આજે આંદોલન અને ઉપવાસ જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. લોકોમાં ભેદભાવ, પીડા અને આક્રોશ છે. ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની અપેક્ષા લોકો રાખે છે. યાત્રા દરમિયાન તમામ વર્ગના લોકોની વાતો સાંભળી તેમની લડતને મજબૂતી આપવામાં આવશે.

ઉત્તર ગુજરાતના પ્રથમ ફેઝમાં ૭ જિલ્લા અને ૪૦ તાલુકા આવરી લેવામાં આવશે, જેમાં વાવ-થરાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, પાટણ અને મહેસાણા જિલ્લાઓનો સમાવેશ થાય છે.

તાજેતરમાં કોંગ્રેસે ખેડૂત આક્રોશ યાત્રા યોજી હતી, જે સોમનાથથી શરૂ થઈ સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં ફરી દ્વારકામાં પૂરી થઈ હતી. રાજકીય વિશ્લેષકો મુજબ આ જન આક્રોશ યાત્રા રાજ્યમાં ઉભા થનાર જનઅસંતોષને સશક્ત બનાવશે અને આવનારી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીમાં કોંગ્રેસને ફાયદો થવાની શક્યતા છે. તેમ છતાં, આ યાત્રાનો વાસ્તવિક રાજકીય પ્રભાવ તો ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ જ જાણી શકાય.

## સંક્ષિપ્ત સમાચાર

### અમદાવાદમાં ૫જી ટાવરના બેઝ બેન્ડ યુનિટની ચોરી, જમ્મુના રીક્ષાચાલક સહિત બે ઝડપાયા

અમદાવાદ,તા.૧૫

અમદાવાદ ગ્રામ્ય પોલીસે મોબાઈલ ટાવરમાં લાગેલા ૫જી નેટવર્કના અતિમૂલ્યવાન બેઝ બેન્ડ યુનિટની ચોરી કરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે જમ્મુ-કાશ્મીરના એક રીક્ષાચાલક અને તેના સાગરિત સહિત બે આરોપીઓની ધરપકડ કરી છે.ઝડપાયેલા આરોપીઓમાં મુખ્યત્વે જમ્મુ-કાશ્મીરનો ઉત્તમ શર્મા અને તેનો સાગરિત સામેલ છે. ઉત્તમ શર્મા રીક્ષાચાલક હોવા છતાં જીયો મોબાઈલ ટાવરમાં લેબર વર્કનું પણ કામ કરતો હતો, જેના કારણે તેને ટાવરના યુનિટની જાણકારી હતી.

આ યુનિટની બજાર કિંમત આશરે ૩.૫ લાખથી ૪ લાખ જેટલી હોય છે. આરોપીઓ આ યુનિટની ચોરી કરીને માત્ર ૧૫,૦૦૦માં દિલ્હી ખાતે વેચાણ કરતા હતા. તપાસમાં સામે આવ્યું છે કે ચોરી કરાયેલા બીબીયુ યુનિટ્સને અંતે સાઉથ એશિયન દેશોમાં વેચવામાં આવતા હતા.આરોપી ઉત્તમ શર્માએ અત્યાર સુધીમાં ૨૦ જેટલા બીબીયુ યુનિટ્સની ચોરી કરી હોવાની કબૂલાત કરી છે. તપાસમાં એક્ટિવા પર નીકળીને આરોપી અને તેનો સાગરિત જીયોના ટાવરોને ટાર્ગેટ કરતા હતા. બાદમાં બીબીયુની ચોરી કરતા હતા.

જમ્મુ-કાશ્મીરમાં જ આરોપી ઉત્તમ શર્મા સામે ૮ જેટલા ગુના નોંધાયેલા છે. આ ઉપરાંત, અમદાવાદમાં અને ગાંધીનગરના ડભોડામાં પણ તેની સામે અલગ-અલગ ગુનાઓ નોંધાયા છે. અમદાવાદ ગ્રામ્ય પોલીસે હવે આ ચોરીના નેટવર્કમાં અમદાવાદ અને દિલ્હીમાં કોણ કોણ જોડાયેલું છે અને તેમના અન્ય સાગરિતોની ઓળખ કરવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

### ગુનાહિત પ્રવૃતિઓને રોકવા માટે રાજકોટ ક્રાઇમ બ્રાન્ચના ડીસીપી દ્વારા જાહેર કરેલ હેલ્પલાઇન રણકી

,રાજકોટ,તા.૧૬

રાજકોટ શહેર પોલીસ વિભાગે ગુના નાબૂદ કરવા માટે એક નવી પહેલ શરૂ કરી છે. ક્રાઈમ બ્રાન્ચના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ, એક હેલ્પલાઈન નંબર, ૬૩૫૯૬૨૯૮૯૬ શરૂ કરવામાં આવ્યો છે. માત્ર ૧૦ દિવસમાં, આ ઝુંબેશ લોકો માટે વિશ્વાસનો સ્રોત બની ગઈ છે, જેનો પુરાવો એ છે કે દરરોજ સરેરાશ ૨૦ થી ૨૫ ફરિયાદો નોંધાઈ રહી છે.

હેલ્પલાઈનની જાહેરાત થતાં જ, નાગરિકોએ તેમની સમસ્યાઓ શેર કરવાનું શરૂ કર્યું. ડીસીપી બાંગરવાએ અનુસાર “આ ઝુંબેશનો પ્રતિસાદ સ્પષ્ટપણે દર્શાવે છે કે લોકો પોલીસ પર વિશ્વાસ રાખે છે અને ગુના સામે ખુલ્લેઆમ બોલવા તૈયાર છે.’’ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓના જણાવ્યા અનુસાર, દારૂનું વેચાણ અને સેવન સૌથી વધુ ફરિયાદો પ્રાપ્ત કરી છે.

આ ઉપરાંત, સ્થાનિક પોલીસ સ્ટેશનો અને ક્રાઈમ બ્રાન્ચની સંયુક્ત ટીમો શહેરના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદેસર દારૂનું વેચાણ, સોસાયટીઓમાં દારૂ પીધેલા લોકો, રહેણાંક વિસ્તારોમાં ઉપદ્રવ પેદા કરતા લોકોના જૂથો, અનધિકૃત પાર્કિંગને કારણે રસ્તાઓ અવરોધિત કરવા, ટ્રાફિક જામ, ચોરીઓ, ઝઘડા, ધમકીઓ વગેરે જેવી ફરિયાદોની તપાસ કરવા માટે અથાક મહેનત કરી રહી છે. હેલ્પલાઈનનો વ્યાપ હવે રાજકોટથી આગળ વધીને સમગ્ર સૌરાષ્ટ્ર પ્રદેશ સુધી વિસ્તર્યો છે. અમરેલી, જૂનાગઢ, ભાવનગર અને જામનગર જેવા જિલ્લાઓમાંથી પણ ફરિયાદો આવી રહી છે.

### રાજદનો જૂનો એમવાય કિલ્લો તૂટી ગયો, યાદવ-મુસ્લિમ બેઠકો પર પણ એનડીએને શાનદાર સફળતા મળી

પટણા,તા.૧૬

બિહાર ચૂંટણીમાં એનડીએના તોફાનથી બધું જ ઉડી ગયું છે અને એનડીએ ગઠબંધને ભારે જીત હાંસલ કરી છે . આ વખતે, ઘણા સમીકરણો તૂટી ગયા.રાજદનો એમવાય ગઢ પણ ટકી શક્યો નહીં, એટલે કે મુસ્લિમ અને યાદવ મતદારો પણ વિભાજિત થયા, અને ભાજપને આનો સંપૂર્ણ ફાયદો થયો. જદયુ અને ભાજપે ઘણી બેઠકો જીતી જ્યાં યાદવ અને મુસ્લિમ મતદારો નોંધપાત્ર સંખ્યામાં છે. જાહેર થયેલા આંકડા રાજદ માટે ખૂબ જ ચિંતાજનક છે.ચૂંટણી પંચના ડેટા અનુસાર, બિહારમાં કુલ ૩૯ મુસ્લિમ બહુમતી ૨૭ બેઠકો જીતી છે. મહાગઠબંધન ફક્ત ૬ બેઠકો જીતી શકી છે.

બિહારમાં કુલ ૧૨૬ બેઠકો છે જ્યાં યાદવ મતદારો નિર્ણાયક ભૂમિકા ભજવે છે. પાછલી ચૂંટણીઓમાં, આ વોટ બેંક આરજેડી પાસે જતી હતી, પરંતુ આ વખતે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. મહાગઠબંધનની સ્થિતિ ઘણી ખરાબ છે, ફક્ત ૨૨ બેઠકો પર જ લીડ જાળવી રાખવામાં સફળ રહી છે. આનો અર્થ એ થયો કે તેજસ્વી યાદવ પોતાની પરંપરાગત વોટ બેંક પણ જાળવી રાખવામાં નિષ્ફળ રહ્યા છે.

આ વખતે બિહારના દરેક ક્ષેત્રમાં એનડીએને નોંધપાત્ર ફાયદો થયો છે. સીમાંચલ હોય, મિથિલા હોય કે મગધ પ્રદેશ હોય, એનડીએ દરેક જગ્યાએ દેખાઈ રહ્યો છે. દરેક ક્ષેત્રમાં ૬ થી ૧૫ બેઠકોનો ફાયદો જોવા મળી રહ્યો છે. મહાગઠબંધનમાં રહેલા પક્ષોની સ્થિતિ ઘણી ખરાબ છે.

### મુકેશ સાહની ડેપ્યુટી સીએમ બનવાનું સ્વપ્ન જોતા હતા, પરંતુ પાર્ટીએ ખરાબ પરિણામ આવ્યું

પટણા,તા.૧૫

બિહાર વિધાનસભા ચૂંટણી માટે મત ગણતરીના પરિણામ આવ્યા છે એનડીએ ૨૦૦ થી વધુ બેઠકો પર જીત હાંસલ કરી શકે છે જ્યારે મહાગઠબંધન ફક્ત ૩૬ બેઠકો પર અટકી શકે છે જયારે જનસુરાજ પોતાનું ખાતું પણ ખોલી શક્યું નથી,આ ઉપરાંત મુકેશ સાહનીની વિકાસશીલ ઈન્સાન પાર્ટી ,જેણે બિહાર ચૂંટણીમાં મહાગઠબંધન વતી ડેપ્યુટી સીએમ પદ માટે દાવો કર્યો હતો, તે ભારે મુશ્કેલીમાં છે. આ ચૂંટણીમાં વીઆઈપી પોતાનું ખાતું પણ ખોલી શક્યું ન હતું, પરિણામે, ×મુકેશ સાહનીને ન તો ભગવાન મળ્યા કે ન તો પોતાના પ્રિયતમને મળ્યા× આ વાક્યનો ઉપયોગ રૂપક તરીકે થઈ રહ્યો છે.

વીઆઈપી ક્યારેય આ ચૂંટણીમાં લુપ્ત થવાની અપેક્ષા રાખતા ન હતા. જે પક્ષના નેતા નાયબ મુખ્યમંત્રી બનવાનું સ્વપ્ન જુએ છે, છતાં એક પણ બેઠક જીતી શક્યા નથી, તે પક્ષ અને તેના નેતા બંને માટે શરમજનક પરિસ્થિતિ છે.મુકેશ સાહનીએ ૨૦૧૮ માં વીઆઈપીની સ્થાપના કરી. ત્યારબાદ, જ્યારે ૨૦20 ની ચૂંટણીઓ યોજાઈ, ત્યારે તેમણે ચાર બેઠકો (બોચાહા, ગૌરા બૌરામ, અલીનગર અને સાહેબગંજ) જીતી અને ચર્ચાનો વિષય બન્યા. જોકે, સાહેબગંજના વીઆઈપી ધારાસભ્ય રાજેશ કુમાર સિંહ પાછળથી ભાજપમાં જોડાયા.

### હિંમતનગર તાલુકાના ગામડી નજીક વાંઘામાંથી ૨૦ દિવસથી ગુમ યુવકનો મૃતદેહ મળ્યો

## ગામડી નજીક વાંઘામાંથી ડિકમ્પોઝ હાલતમાં લાશ મળી, પોલીસે ફોરેન્સિક PM માટે કાર્યવાહી કરી

(ગરવી તાકાત) ઈડર તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગામડી નજીક વાંઘામાંથી ૨૦ દિવસથી ગુમ થયેલા એક યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. ગાંભોઈ પોલીસે મૃતદેહને પેનલથી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો છે.

મૃતક યુવકની ઓળખ રાહુલ કાંતિસિંહ પરમાર (ઉંમર ૩૦) તરીકે થઈ છે, જે ગામડી ગામનો રહેવાસી હતો. તે આશરે વીસ દિવસ પહેલા ગુમ થયો હતો. રવિવારે સવારે ૯ વાગ્યાના સુમારે ગામડી નજીક વાંઘા વિસ્તારમાંથી તેનો ડીકમ્પોઝ થયેલો મૃતદેહ જોવા મળ્યો હતો.

આ અંગે ગાંભોઈ પોલીસને જાણ થતાં, પોલીસ ટીમ તાત્કાલિક


(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક, ઈડર)

ઘટનાસ્થળે પહોંચી હતી. ગાંભોઈ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ જે.એમ. રબારીએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, મૃતદેહ ડીકમ્પોઝ થયેલી હાલતમાં હોવાથી તેને પેનલથી પોસ્ટમોર્ટમ અને ફોરેન્સિક તપાસ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલ મોકલવામાં આવ્યો છે. ત્યાંથી તેને વધુ ફોરેન્સિક તપાસ માટે અમદાવાદ મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

રાહુલ પરમાર મજૂરીકામ કરતો હતો. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

### સાબરકાંઠા જિલ્લામાં ૫૦ પોલીસકર્મીને બઢતી અપાઈ

## જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન અને બ્રાન્ચોના કર્મચારીઓને મળ્યો લાભ

સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા ૫૦ પોલીસકર્મીઓને બઢતી આપવામાં આવી છે. આ બઢતીમાં બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ, ડ્રાઈવર પોલીસ હેડ કોન્સ્ટેબલ, બિન હથિયારી એ.એસ.આઈ. અને હથિયારી પોલીસ હેડ કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે. જિલ્લા પોલીસ વિભાગના સૂત્રોએ આ માહિતી આપી હતી.

બઢતી પ્રક્રિયા અંતર્ગત, ૨૩ બિન હથિયારી કોન્સ્ટેબલને બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ તરીકે પદોન્નતિ મળી છે. આમાં ૧૫ મહિલા પોલીસકર્મીઓનો પણ સમાવેશ થાય છે, જેમને તેમના સંબંધિત પોલીસ સ્ટેશનોમાં બઢતી અપાઈ છે.

ડ્રાઈવર પોલીસ કોન્સ્ટેબલ




તરીકે ફરજ બજાવતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનના અનોપસિંહ કાળુંસિંહ ઝાલા અને હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સંજયકુમાર જયદેવસિંહ રાવને ડ્રાઈવર હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે.

આ ઉપરાંત, ૧૭ બિન હથિયારી હેડ કોન્સ્ટેબલને બિન હથિયારી એ.એસ.આઈ. તરીકે બઢતી મળી છે, જેમાં ૪ મહિલા પોલીસકર્મીઓનો સમાવેશ થાય છે.

સાબરકાંઠા ટ્રાફિક શાખાના ભરતકુમાર લખાભાઈ પટેલ અને ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના વિશ્રામભાઈ રૂપાજી નીનામાને પણ ડ્રાઈવર હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી અપાઈ છે. વધુમાં, ૬ હથિયારી પોલીસ કોન્સ્ટેબલને હથિયારી હેડ કોન્સ્ટેબલ તરીકે પદોન્નત કરવામાં આવ્યા છે.

### ડમ્પર ચાલકે ટક્કર મારતા એક જ પરિવારના ત્રણ સભ્યો ઘાયલ થયા હતા

## વડાલીના મહોર પાટિયા પાસે ડમ્પરે બાઈકચાલકને અડફેટે લીધો, 3 ઈજાગ્રસ્ત હોસ્પિટલમાં સારવાર હેઠળ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૬

વડાલી તાલુકાના મહોર પાટિયા પાસે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. ધરોઈ તરફથી વડાલી આવી રહેલા બાઈકને ડમ્પર ચાલકે ટક્કર મારતા એક જ પરિવારના ત્રણ સભ્યો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે વડનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, શુક્રવારે **GJ.18.Q.9060** નંબરનું બાઈક ધરોઈ તરફથી વડાલી આવી રહ્યું હતું. મહોર પાટિયા પાસે પહોંચતા **GJ.09.AU.6372** નંબરના ડમ્પર ચાલકે તેને અડફેટે લીધું હતું.

ડમ્પરની ટક્કર એટલી જોરદાર હતી કે બાઈક પર સવાર રંગપુરગઢ ગામના કુબેરજી શિવાજી ઠાકોર, મીનાબેન કુબેરજી ઠાકોર અને



ભાવનાબેન કુબેરજી ઠાકોર રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં ત્રણેયને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત થતાં જ સ્થાનિકો મદદ માટે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ સતલાસણા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, વધુ સારી સારવાર માટે તેમને વડનગરની હોસ્પિટલમાં રિફર કરાયા હતા.

ઘટનાની જાણ થતાં જ વડાલી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, ઈજાગ્રસ્તોના પરિવારે ડમ્પર ચાલક વિરુદ્ધ હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાવી નથી.

### સહકાર ભારતી પાટણ જિલ્લા અધ્યક્ષ હરિભાઈ પટેલના અતિથિ વિશેષ પદે કરવામાં આવ્યા

## પાટણ જિલ્લા સહકારી સંઘ દ્વારા ૭૨ મા સહકાર સપ્તાહનો ધ્વજવંદન દ્વારા હારીજ માર્કેટ યાર્ડ ખાતે શુભારંભ કરાયો

(ગરવી તાકાત) પાટણ તા.૧૬

૭૨ મા સહકાર સપ્તાહની ઉજવણીનો શુભારંભ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ,હારીજ ખાતે પાટણ જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી સુરેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને, એ.પી.એમ.સી. હારીજ ચેરમેન શ્રી વાઘજીભાઈ ચૌધરીના મુખ્ય મહેમાન પદે,સહકાર ભારતી પાટણ જિલ્લા અધ્યક્ષશ્રી હરિભાઈ પટેલના અતિથિ વિશેષ પદે કરવામાં આવ્યો.આ પ્રસંગે સહકારી સપ્તરંગી ધ્વજ ફરકાવી શુભારંભ કરાવતાં સંઘના અધ્યક્ષ શ્રી સુરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ નિમિત્તે સહકાર સપ્તાહની ઉજવણી વિશેષ બનવા પામી છે. આપણે આ ઉજવણી ગત વર્ષથી જુદા જુદા તાલુકા મથકો પર જુદી જુદી સહકારી સંસ્થાઓમાં કરવાની નવી પહેલ કરી છે.જે



કાર્યકરોમાં ઉત્સાહ પ્રેરનાર બની રહી છે. તેમણે સહકાર સપ્તાહની શરૂઆત અને તેની પાછળનું હાર્દ સમજાવ્યું હતું.સૌને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન પાઠવ્યાં હતાં.

આ પ્રસંગે સંઘના ડિરેક્ટર શ્રી હરિભાઈ પટેલે જણાવ્યું હતું કે ભારતની આઝાદી બાદ આત્મનિર્ભર બનવા જોવાયેલ સ્વપ્ન સાકાર કરવામાં સહકાર એક ઉત્તમ માધ્યમ પુરવાર થયું છે અને તાજેતરમાં જ ભારતની સહકારી બ્રાન્ડ જે વૈશ્વિક બની છે તેવી અમૂલ પ્રથમ રેક જ્યારે ઇફકો દ્વિતીય ક્રમે રહીને સહકારિતાનું અને દેશનું ગૌરવ બની છે તેમને અભિનંદન એટલે ગામે ગામના ખેડૂતો અને પશુપાલકોને આત્મ ગૌરવ અપાવ્યું છે.આજે પણ રિલેવંન્ટ સહકારી પ્રવૃત્તિ ને ભારતના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમજીને સહકારી મંત્રાલય અલગ કરીને આત્મનિર્ભર ભારત નિર્માણ માટે સહકાર થકી સમૃદ્ધિનું સ્વપ્ન જોઈ આપણા સૌ સહકારી ક્ષેત્રના લોકો પર વિશ્વાસ મૂક્યો છે ત્યારે આપણે તેને સાર્થક કરી બતાવવાનો આ સમય છે.એક બાજુ સરકાર અને એક બાજુ સહકાર જેવાં રોલ મોડલના ઉદાહરણો આપી જનસેવા માટે ઉત્તમ માધ્યમ ગણાવ્યું હતું.સૌને આ સેવાના ક્ષેત્રમાં ઉમદા લક્ષ્યો રાખી આગળ આવવા હાકલ કરી હતી.કાર્યક્રમના પ્રારંભે રાજ્ય સંઘના સી.આઈ.શ્રી દેવરાજભાઈ ચૌધરીએ સહકાર સપ્તાહની ઉજવણી વિશે માહિતી આપી કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.આ પ્રસંગે હારીજ માર્કેટ યાર્ડ વાઈસ ચેરમેન શ્રી ઠક્કર,ડિરેક્ટર્સ શ્રી આર.કે.,સેક્રેટરી અને કર્મચારીઓ, જિલ્લા સંઘના ઉપાધ્યક્ષ શ્રી વિષ્ણુભાઈ પટેલ,ડિરેક્ટર્સ શ્રી ભીખાભાઈ સિંધવ,શ્રી દલાભાઈ દેસાઈ,સંઘના એક્ઝિક્યુટિવ મેનેજર શ્રી ભરતભાઈ રાજપુરોહિત,સંઘના સી.આઈ.શ્રી કથનભાઈ જોશી,કર્મચારી શ્રી કૌશિકભાઈ વગેરેએ ખુબજ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.સંઘના મેનેજર શ્રી ભરતભાઈ રાજપુરોહિતે આભાર વિધિ કરી હતી.

## પાટણ કોર્ટે રૂપિયા ૧ લાખ ડિપોઝિટ સાથે ૧૫ દિવસના જામીન મંજૂર કર્યા

(ગરવી તાકાત) પાટણ તા.૧૭

પાટણ શહેરમાં ફેબ્રુઆરી ૨૦૨૩માં બનેલા હત્યા કેસના આરોપી જૈનેશ રાજેશભાઈ વસંતભાઈ તાડાના તેના નાના ભાઈના લગ્નમાં હાજર રહેવા માટે વચગાળાના જામીન મંજૂર કરવામાં આવ્યા છે. પાટણના સેશન્સ જજ એમ.એ. શેખે આરોપીને ૧૬ નવેમ્બર ૨૦૨૫થી ૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધી ૧૫ દિવસ માટે જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.

આરોપી જૈનેશ પાટણની




સબજેલમાં કાચા કામના કેદી તરીકે બંધ છે. તેના પર સરદાર કોમ્પ્લેક્ષમાં આવેલા જ્યોના વ્યસન મુક્તિ કેન્દ્રમાં સારવાર લઈ રહેલા હાર્દિક સુથારની હત્યા કરવાનો આરોપ છે.

આરોપીના વકીલ અમિતભાઈ એમ. ઠક્કરે કોર્ટમાં રજૂઆત કરી હતી કે, આરોપી લાંબા સમયથી ન્યાયિક કસ્ટડીમાં છે. તે ઘરમાં સૌથી મોટો ભાઈ છે અને તેના પિતાનું તાજેતરમાં અવસાન થયું હોવાથી લગ્નની તમામ વ્યવસ્થા કરવાની જવાબદારી તેની છે. વકીલે ખાતરી આપી હતી કે આરોપી જામીનની તમામ શરતોનું પાલન કરશે.

સરકારી વકીલે જામીન અરજીનો વિરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આરોપી સામે ખૂન જેવો ગંભીર ગુનો હોવાથી મોટી રકમની ડિપોઝિટ કરાવવી જોઈએ અને જામીનના સમયગાળા દરમિયાન આરોપીના સ્વખર્ચે પોલીસ જાપ્તા સાથે તેને વચગાળાના જામીન પર મુક્ત કરવો જોઈએ.

પાટણની સેશન્સ કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ જૈનેશના જામીન મંજૂર કર્યા હતા. કોર્ટે આરોપીને પાટણ કોર્ટમાં રૂ. ૧ લાખની ડિપોઝિટ જમા કરાવવા અને રૂ. ૧ લાખના સધ્ધર જામીન તથા જાત મુચરકો રજૂ કરવા આદેશ આપ્યો હતો.

આરોપીને ૧૫ દિવસ માટે લગ્નમાં હાજરી આપવા માટે વચગાળાના જામીન મળ્યા છે. તેને ૩૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ સાંજે જેલમાં પરત હાજર થવાની શરત મૂકવામાં આવી છે. ઉપરાંત, અરજદારે નિયમાનુસાર ભરવાપાત્ર થતો પોલીસ જાપ્તાનો ખર્ચ સંબંધિત પાટણ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીમાં જમા કરાવવાનો રહેશે અને ડિપોઝિટની રકમ જમા થયા બાદ ઉપરોક્ત સમય દરમિયાન યોગ્ય જાપ્તો પૂરો પાડવાનો રહેશે તેવો હુકમ કરવામાં આવ્યો હતો.

Volume : 11 Issue : 213 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002